Paper Code - 3586

B.A. Semester-III (Philosophy)
July-September-2021
CE 304 – ભારતીય તત્વજ્ઞાન

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. પ્રસ્થાનત્રયીના કયા ત્રણ ગ્રંથોની એક વાક્યતાથી આચાર્યપદ પ્રાપ્ત થાય છે?
(A) ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્રો (B) રામાયણ, ઉપનિષદ, ગીતા (C) મહાભારત, બ્રહ્મસૂત્રો, ગીતા (D) રામાયણ, મહાભારત, ગીતા
2. તત્વજ્ઞાનનું લક્ષ્ય શું છે?
(A) જ્ઞાનની પ્રાપ્તિ (B) સત્યજ્ઞાનની પ્રાપ્તિ (C) મુક્તિની પ્રાપ્તિ (D) તત્વોની પ્રાપ્તિ
3. શંકરાચાર્યે કેટલા વર્ષની આયુમાં બધા શાસ્ત્રો આત્મસાત કરી લીધા હતા?
(A) આઠ (B) બાર (C) નવ (D) તેર
4. સમગ્ર વિશ્વનું પ્રાચીનત્તમ અને શ્રેષ્ઠ સાહિત્ય કયું છે?
(A) વેદો (B) ઉપનિષદ (C) દર્શનો (D) ભગવદ્ગીતા
5. અષ્ટાંગમાર્ગને કેટલા સ્કંધમાં વહેચવામાં આવ્યા છે?
(A) ચાર (B) ત્રણ (C) એક (D) બે
6. ભારતીય જીવન ઘડતરમાં મહત્વનો ફાળો આપનાર ગ્રંથો કયા છે?
(A) રામાયણ, મહાભારત (B) ભાગવદ, મહાભારત (C) ઉપનિષદ (D) રામચરિતમાનસ
7. બૌદ્ધદર્શન કેટલા આર્યસત્યો આપે છે?
(A) આઠ (B) ચાર (C) બે (D) ત્રણ
8. પૂર્ણ નાસ્તિક દર્શન કયું છે?
(A) બૌદ્ધદર્શન (B) જૈનદર્શન (C) ચાર્વાકદર્શન (D) ત્રણેય
9. બૌદ્ધના મતે મોક્ષમાર્ગ કયો છે?
(A) અષ્ટાંગમાર્ગ (B) મધ્યમમાર્ગ (C) બંને (D) એક પણ નહિ
10. ભારતીય તર્કશાસ્ત્ર કે પ્રમાણશાસ્ત્ર તરીકે કયું દર્શન ઓળખાય છે?
(A) ન્યાય દર્શન (B) સાંખ્ય દર્શન (C) યોગ દર્શન (D) વેદાંત દર્શન
11. જીવની પાછળ ભેગા થયેલા કર્મોના સમૂહને કયું કર્મ કહેવાય?
(A) ક્રિયમાણ (B) સંચિત (C) પ્રારબ્ધ (D) ત્રણેય
12. ભારતીય માનસશાસ્ત્ર તરીકે કયું દર્શન ઓળખાય છે?
(A) સાંખ્યદર્શન (B) યોગદર્શન (C) વૈશેષિક દર્શન (D) એક પણ નહિ
13. કર્મોના કેટલા પ્રકાર છે?
(A) ત્રણ (B) ચાર (C) બે (D) ઘણા
14. ચાર્વાક દર્શન જ્ઞાનના કયા પ્રમાણને સ્વીકારે છે?
(A) પ્રત્યક્ષ (B) અનુમાન (C) ઉપમાન (D) શબ્દ પ્રમાણ
15. સાંખ્યદર્શન પુરુષતત્વને સ્વીકારવા કેટલી દલીલો આપે છે?
(A) ચાર (B) પાંચ (C) ત્રણ (D) બે
16. શંકરાચાર્યના સિદ્ધાંતનું નામ જણાવો.
(A) કેવલાદ્વૈત (B) વિશિષ્ટાદ્વૈત (C) બંને (D) એકપણ નહિ
17. કર્મ પર ભાર મુકનાર દર્શન કયું છે?
(A) પૂર્વમીમાંશા (B) ઉત્તરમીમાંશા (C) સાંખ્યદર્શન (D) યોગદર્શન
18. રામાનુજાચાર્ય સંન્યાસી બન્યા પછી કયા નામે પ્રસિદ્ધ થયા?
(A) સાધુ (B) યતિરાજ (C) મહારાજ (D) વૈરાગી બાબા
19. “બ્રહ્મસત્ય, જગતમિથ્યા” આ શબ્દો કયા આચાર્યના છે?
(A) વલ્લભાચાર્ય (B) રામાનુજાચાર્ય (C) શંકરાચાર્ય (D) ભાસ્કરાચાર્ય
20. પૂર્ણ ભૌતિકવાદી દર્શન કયું છે?
(A) ચાર્વાકદર્શન (B) જૈનદર્શન (C) બૌદ્ધદર્શન (D) ન્યાયદર્શન
21. રામાનુજાચાર્યના મતે બ્રહ્મ કેવું છે?
(A) નિર્ગુણબ્રહ્મ (B) સગુણબ્રહ્મ (C) અદ્વૈત (D) એક પણ નહિ
22. જૈનદર્શન કયા સિદ્ધાંતને મહત્વનું માને છે?
(A) સ્યાદ્વાદ (B) વિજ્ઞાનવાદ (C) શૂન્યવાદ (D) ક્ષણભંગવાદ
23. પ્રમાણજ્ઞાન એટલે શું?
(A) યથાર્થજ્ઞાન (B) અયથાર્થજ્ઞાન (C) અનુભવજ્ઞાન (D) એકપણ નહિ
24. ઉત્તરમીમાંસા દર્શનના પ્રણેતા કોણ છે?
(A) ગૌતમમુની (B) બાદરાયણ વ્યાસ (C) જૈમીનીમુનિ (D) કણાદમુનિ
25. જૈન મત મુજબ તમામ ગુણોનું કથનકરનાર પ્રમાણ વાક્ય એટલે શું ?
(A) સકલાદેશ (B) વિકલાદેશ (C) બંને (D) એકપણ નહિ

26. સૌથી પ્રાચીન દર્શન કયું છે?
(A) સાંખ્યદર્શન (B) ન્યાયદર્શન (C) યોગદર્શન (D) પૂર્વમીમાંસા

27. જૈનદર્શન મુજબ 'નય'ના પ્રકારો કેટલા છે?
(A) બે (B) ત્રણ (C) છ (D) સાત

28. એકથી વધારે દ્રષ્ટિબિંદુ ધરાવનાર સિદ્ધાંત કયો છે?
(A) અનેકાંતવાદ (B) વિજ્ઞાનવાદ (C) ક્ષણભંગવાદ (D) શૂન્ય

29. મનુસ્મૃતિ નામનો શ્લોકકંઠ ગ્રંથ લખનાર સમાજશાસ્ત્રી કોણ છે?
(A) ભગવાન મનુ (B) તુલસીદાસ (C) ઋષિગૌતમ (D) કપિલમુનિ

30. જૈનસંઘના કેટલા વિભાગ પડે છે?
(A) ચાર (B) ત્રણ (C) બે (D) એક

31. ચાર્વાકદર્શન કયા બે પુરુષાર્થ સ્વીકારે છે?
(A) ધર્મ-અર્થ (B) કામ-મોક્ષ (C) અર્થ-કામ (D) ધર્મ-મોક્ષ

32. કયું દર્શન દ્વૈતવાદી દર્શન તરીકે ઓળખાય છે?
(A) સાંખ્યદર્શન (B) ન્યાયદર્શન (C) યોગદર્શન (D) વૈશેષિકદર્શન

33. બૌદ્ધદર્શનના મતે બે વિભાગો કયા છે?
(A) હીનયાન-મહાયાન (B) શ્વેતાંબર-દિગંબર (C) સાધુ-સાધવી (D) શ્રાવક-શ્રાવિકા

34. સાંખ્યકારિકા ગ્રંથના લેખક કોણ છે?
(A) કપિલમુનિ (B) ઈશ્વરકૃષ્ણ (C) કૃષ્ણકાંત (D) ગૌતમમુનિ

35. ઉત્ક્રાંતિવાદ રજુ કરનાર દર્શન જણાવો.
(A) સાંખ્યદર્શન (B) ન્યાયદર્શન (C) પૂર્વમીમાંસા (D) યોગદર્શન

36. "ન્યાય સૂત્ર" પુસ્તકમાં ન્યાયદર્શનની રજૂઆત થઈ છે, તેના લેખક કોણ છે?
(A) ગૌતમમુનિ (B) નૈયાયીકો (C) ગૌતમબુદ્ધ (D) પતંજલિ

37. સાંખ્યદર્શન કેટલા તત્વોને અંતિમ તત્વો તરીકે સ્વીકારે છે?
(A) બે (B) એક (C) ત્રણ (D) બધા

38. વૈશેષિકદર્શન પ્રમાણે જીવાત્માના કેટલા ગુણ છે?
(A) આઠ (B) છ (C) ત્રણ (D) બે

39. ભારતીય તત્વજ્ઞાનમાં કયું દર્શન કર્મના સિધ્ધાંતને સ્વીકારતું નથી?
(A) જૈનદર્શન (B) બૌદ્ધદર્શન (C) ચાર્વાકદર્શન (D) એકપણ નહિ

40. ચાર આર્યસત્યોનું જ્ઞાન કોને થયું?
(A) ભગવાન મહાવીર (B) ભગવાન બુદ્ધ (C) ગૌતમમુનિ (D) એક પણ નહિ

41. "દેવ કરીને ઘી પીવું" ક્યાં દર્શનના પ્રસિદ્ધ શબ્દો છે?
(A) ચાર્વાકદર્શન (B) બૌદ્ધદર્શન (C) જૈનદર્શન (D) એક પણ નહિ

42. ભારતીય તત્વજ્ઞાનનું કળશ કયું દર્શન છે?
(A) પૂર્વમીમાંશા (B) ઉત્તરમીમાંશા (C) સાંખ્યદર્શન (D) યોગદર્શન

43. ભારતીય અનુમાન કયા નામે ઓળખાય છે?
(A) પંચાયવી અનુમાન (B) શાબ્દિક અનુમાન (C) વાસ્તવિક અનુમાન (D) એક પણ નહિ

44. સાંખ્યના મતે પ્રકૃતિના ત્રણ ગુણો કયા છે?
(A) સત્વ, રજસ, તમસ (B) ભૌતિક, આધિભૌતિક, દૈવિક (C) કામ, ક્રોધ, માન (D)એક પણ નહિ

45. નીચેનામાંથી કયું દર્શન ઈશ્વરને સ્વીકારતું નથી?
(A) યોગદર્શન (B) સાંખ્યદર્શન (C) ન્યાયદર્શન (D) વૈશીષિકદર્શન

46. ન્યાયદર્શન અનુસાર અસતકાર્યાવાદને શું નામ આપે છે?
(A) આરંભવાદ (B) નિયતિવાદ (C) અંતિમવાદ (D) તત્વવાદ

47. ભારતીય તત્વજ્ઞાનની મુખ્ય શાખાઓ કેટલી છે?
(A) નવ (B) આઠ (C) સાત (D) છ

48. કયા દર્શનના પ્રણેતાએ સિદ્ધપુરમાં માતૃશ્રાદ્ધની શરૂઆત કરી?
(A) ન્યાય દર્શન (B) સાંખ્ય દર્શન (C) યોગ દર્શન (D) વૈશીષિક દર્શન

49. બૌદ્ધદર્શન પ્રમાણે તૃષ્ણા કેટલી છે?
(A) બે (B) ત્રણ (C) એક (D) ચાર

50. ચાર્વાકદર્શન પ્રમાણે શબ્દજ્ઞાન (શબ્દ પ્રમાણ) કેવું છે?
(A) નિશ્ચિત (B) અનિશ્ચિત (C) અસત્ય (D) શંકાસ્પદ